# ખેડૂત ઉપયોગી સંશોધન ભલામણો

## વર્ષ - ૨૦૧૮


ગુજરાત મગફળી એચ.પી.એસ.-૨ (જી.જી.એચ.પી.એસ.-૨)


ગુજરાત તલ-૬ (જી.ટી.-૬)


ગુજરાત ગોળ રીંગણ-૫ (જી.આર.બી.-૫)


ગુજરાત ભીંડા-૬ (જી.ઓ.-૬)


ગુજરાત ટમેટા-૬ (જી.ટી.-૬)


ગુજરાત સંકર કપાસ-૨૨ (જી.કોટ.હા.-૨૨)


વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા વર્ષ-૨૦૧૮માં બહાર પાડવામાં આવેલ જાતો




ગુજરાત મગફળી એચ.પી.એસ.-૨ (જી.જી. એચ.પી. એસ.-૨)
ઉત્પાદન : ૨૮૩૫ કિ.ગ્રા./ હેક્ટર



ગુજરાત તલ –૬ (જી.ટી.–૬)
ઉત્પાદન : ૧૦૧૦ કિ.ગ્રા./ હેક્ટર



ગુજરાત સંકર કપાસ – ૨૨ (જી.કોટ.હા. –૨૨)
ઉત્પાદન : ૨૮૬૫ કિ.ગ્રા./ હેક્ટર

# ખેડૂત ઉપયોગી સંશોધન ભલામણો

## વર્ષ – ૨૦૧૮


:: સંકલન ::

ડો. એ.એમ. પારખીયા

પ્રો. વી.જી. બારડ

ડો. જી.આર. ગોહિલ


॥ कृषिमूलम् जगत् सर्वम् ॥


સરદાર સ્મૃતિ કેન્દ્ર

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

ખેડૂત ઉપયોગી સંશોધન ભલામણોઃ વર્ષ - ૨૦૧૮

પ્રકાશન વર્ષ : ૨૦૧૮

કૃષિ વિસ્તરણ શિક્ષણ પ્રકાશન શ્રેણી : ૩-૧-૧૭

નકલ : ૫૦૦

પ્રકાશક :
વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

મુદ્રક :
મેટ્રો ઓફસેટ
દોલતપરા, જૂનાગઢ.
ફોન : ૨૬૬૧૨૫૪



ડો. એ.આર.પાઠક

કુલપતિશ્રી,
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,
જૂનાગઢ–૩૬૨૦૦૧
ફોનઃ ઓ : ૦૨૮૫–૨૬૭૧૭૮૪
ફેકસ નં. :૦૨૮૫–૨૬૭૨૦૦૪
Email: vc@jau.in
તા. ૨૫/૭/૨૦૧૮

# શુભેચ્છા સંદેશ

આપણે સૌ જાણીએ છીએ કે કોઈપણ ક્ષેત્રનો વિકાસ તેના સંશોધન પર આધાર રાખે છે. તે પ્રમાણે કૃષિ ક્ષેત્રના વિકાસ માટે પણ તેને લગતા સંશોધનો અત્યંત આવશ્યક છે. ખેતીના વિકાસમાં કૃષિ યુનિવર્સિટી દ્વારા થયેલ સંશોધનોનો ફાળો ખૂબ જ મોટો છે. કૃષિ  સંશોધનોમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનું નોંધપાત્ર યોગદાન રહયું છે. સને ૨૦૦૪ થી સૌરાષ્ટ્રના ખેડૂતોની જરૂરિયાતને ધ્યાને લઈ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી તેના સંશોધન કેન્દ્રો દ્વારા સંશોધનો હાથ ધરે છે. લાંબા ગાળાના અખતરાઓના સફળ પરિણામોને અલગ તારવી સંશોધનોની વિવિધ સમિતિઓની બેઠકમાં તેની ચર્ચા કરવામાં આવે છે. ચર્ચાના અંતે ખેડૂતોને ઉપયોગી થાય તેવા તારણો અલગ તારવી સંશોધનોની સંયુકત બેઠકમાં આ ભલામણો મંજૂર કરવા રજૂ કરવામાં આવે છે.

રાજયની કૃષિ યુનિવર્સિટીઓની વર્ષ ૨૦૧૮ માં મળેલ ૧૪મી પરિષદની સંયુકત બેઠકમાં જે ભલામણો ખેડૂતો માટે સ્વીકારવામાં આવેલ છે, તેના સંશોધનકર્તા તમામ કૃષિ વૈજ્ઞાનિકોને મારા અભિનંદન. આ ભલામણોને ખેડૂતો તેમજ  વિસ્તરણ કાર્યકરો સમજી શકે તેવી રીતે સંકલિત કરી પ્રકાશિત કરવાનો પ્રયાસ કરવા બદલ ડો. એ.એમ. પારખીયા, વિસ્તરણ શિક્ષણ નિયામક તેમજ સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવું છું.

આ પુસ્તિકામાં સમાવિષ્ટ ભલામણો બદલાતા સમયની માંગને ધ્યાનમાં રાખી કરેલ સંશોધનોના ફળ સ્વરૂપે હોઈ, ખેડૂતોના આર્થિક ઉત્કર્ષ માટે ફાયદાકારક તેમજ વિસ્તરણ કાર્યકરો માટે માર્ગદર્શક બની રહેશે તેવી મને આશા છે.

(એ.આર. પાઠક)

વિસ્તરણ શિક્ષણ નિયામક
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
ફોનઃ ઓ : ૦૨૮૫–૨૬૭૨૬૫૩
ફેકસ નં. : ૦૨૮૫–૨૬૭૧૬૬૯
Email: dee@jau.in
તા. ૨૫/૭/૨૦૧૮



ડો. એ. એમ. પારખીયા

# શુભેચ્છા સંદેશ

રાજયનાં જુદા જુદા ખેત હવામાન વિભાગ પૈકી ઉત્તર અને દક્ષિણ સૌરાષ્ટ્ર તથા ઉત્તર–પશ્ચિમ ગુજરાત ખેત હવામાનના કેટલાક ભાગ મુજબ કૃષિ સંશોધનની કામગીરી સઘન રીતે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી કરી રહી છે. વર્ષ – ૨૦૧૮ ની સંશોધનની ૧૪મી પરિષદની સંયુકત બેઠકમાં કુલ –૫૩ સંશોધન ભલામણો મંજૂર કરવામાં આવેલ છે. આ ખેડૂત ઉપયોગી સંશોધન ભલામણોને સંક્ષિપ્ત સંકલિત કરી વિસ્તરણ કાર્યકરો અને ખેડૂતો સમજી શકે તેવી સરળ ભાષામાં તૈયાર કરી **ખેડૂત ઉપયોગી સંશોધન ભલામણો વર્ષ– ૨૦૧૮** પુસ્તિકારૂપે પ્રકાશિત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. આ પુસ્તિકા માટે જરૂરી માહિતી લાગતા–વળગતા સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓ, સંશોધન પરિષદની પેટા સમિતિઓના કન્વીનરશ્રીઓ તેમજ સંશોધન નિયામકશ્રી પાસેથી મેળવેલ છે.

આ પુસ્તિકામાં સમાવિષ્ટ સંશોધન ભલામણો તાજેતરમાં થયેલ સંશોધનોના ફળ સ્વરૂપે હોય, ખેડૂતોને અને વિસ્તરણ કાર્યકરોમાં જરૂર માર્ગદર્શક બની રહેશે.

આ પુસ્તિકામાં આપવામાં આવેલ માહિતીનું વ્યવસ્થિત સંકલન કરી તૈયાર કરવામાં વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, સરદાર સ્મૃતિ કેન્દ્રના પ્રો.વી.જી. બારડ તેમજ સમગ્ર સ્ટાફે પ્રશંસનીય કામગીરી કરેલ છે. તેને મારા ધન્યવાદ.

(એ.એમ. પારખીયા)

# અનુક્રમણિકા


| ક્રમ | પાકનું નામ | પાના નં. |
|---|---|---|
| ૧. | વિવિધ પાકોની સુધારેલી / સંકર જાતો | ૭ |
| ૨. | ધાન્ય પાકો | ૧૦ |
| ૩. | તેલીબિયાં પાકો | ૧૨ |
| ૪. | કઠોળ પાકો | ૧૬ |
| ૫. | રોકડીયા પાકો | ૧૭ |
| ૬. | શાકભાજીના પાકો | ૨૨ |
| ૭. | બાગાયતી પાકો | ૨૩ |
| ૮. | મસાલા પાકો | ૨૩ |
| ૯. | કૃષિ ઈજનેરી | ૨૪ |
| ૧૦. | પશુપાલન | ૨૭ |
| ૧૧. | મત્સ્ય પાલન | ૨૭ |
| ૧૨. | અન્ય | ૨૮ |

# ખેડૂત ઉપયોગી સંશોધન ભલામણો : વર્ષ - ૨૦૧૮

## ૧) વિવિધ પાકોની સુધારેલી/સંકર જાતોની માહિતી

### ૧.૧ ગુજરાત મગફળી એચ.પી.એસ.-૨ (જી.જી. એચ.પી. એસ.-૨)

ગુજરાત રાજયમાં ચોમાસુ ઋતુમાં મગફળી ઉગાડતા ખેડૂતોને મોટા દાણાવાળી કન્ફેકશનરી પ્રકારની જાત ગુજરાત મગફળી એચપીએસ ૨ (જીજી એચપીએસ ૨) નું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતના ડોડવાનું સરેરાશ ઉત્પાદન પ્રતિ હેકટરે ૨૮૩૫ કિ.ગ્રા. મળેલ છે, જે નિયંત્રિત જાત જીજેજી એચપીએસ ૧ (૨૫૦૫ કિ.ગ્રા./હે.) અને આઈસીજીવી ૮૬૫૬૪ (૨૪૭૮ કિ.ગ્રા./હે.) કરતા અનુક્રમે ૧૩.૨ અને ૧૪.૪ ટકા વધારે માલુમ પડેલ છે. નિયંત્રિત જાતોની સરખામણીએ આ જાત મોટા કદના દાણા ધરાવે છે. પાનના ટપકા અને ગેરુના રોગો સામે નિયંત્રીત જાતો કરતા આ જાત પ્રમાણમાં વધારે રોગ પ્રતિકારક શકિત ધરાવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક(મગફળી) મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

### ૧.૨ ગુજરાત જૂનાગઢ કપાસ - ૧૦૨ (જી.જે. કોટ-૧૦૨)

ગુજરાત રાજયના પિયત વિસ્તારમાં નોન બીટી કપાસ ઉગાડતા ખેડૂતોને હીરસુતમ કપાસની જાત ગુજરાત જૂનાગઢ કપાસ ૧૦૨ (જીજે.કોટ ૧૦૨) નું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતે કપાસનું ઉત્પાદન ૨૨૧૫ કિ.ગ્રા./હે. આપેલ છે, જે નિયંત્રિત જાતો જેવી કે જી. કોટ ૧૦, જી. કોટ ૧૮, જી. કોટ ૨૦, જીએન. કોટ ૨૨ અને ઝોનલ નિયંત્રિત જાત સીએનએચઓ ૧૨ કરતા અનુક્રમે ૧૫.૯, ૨૪.૯, ૨૦.૧, ૧૩.૨ અને ૫૧.૮ ટકા કપાસનું વધુ ઉત્પાદન આપેલ છે. જીજે.કોટ ૧૦૨ નું રૂનું ઉત્પાદન ૭૬૯ કિ.ગ્રા./હે. મળેલ છે, જે નિયંત્રિત જાતો જેવી કે જી. કોટ ૧૦, જી. કોટ ૧૮, જી. કોટ ૨૦, જીએન. કોટ ૨૨ અને સીએનએચઓ ૧૨ કરતા અનુક્રમે ૧૨.૭, ૩૦.૮, ૨૦.૩, ૧૩.૬ અને ૪૯.૧ ટકા રૂનું વધુ ઉત્પાદન આપેલ છે. આ જાત ૩૫.૧ ટકા રૂ અને ૧૮.૩૨ ટકા તેલ ધરાવે છે. આ જાત મધ્યમ મોડી પાકતી જાત છે.

(સંશોધન વૈજ્ઞાનિક(કપાસ) કપાસ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

### ૧.૩ ગુજરાત સંકર કપાસ - ૨૨ (જી.કોટ.હા. -૨૨)

ગુજરાત રાજયના પિયત વિસ્તારમાં નોન બીટી કપાસ ઉગાડતા ખેડૂતોને હીરસુતમ કપાસની સંકર જાત ગુજરાત સંકર કપાસ ૨૨ (જી.કોટ.હાઈબ્રીડ ૨૨) નું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતે કપાસનું ઉત્પાદન ૨૮૬૫ કિ.ગ્રા./હે. આપેલ છે, જે સંકર નિયંત્રિત જાતો જેવી કે જી. કોટ. હાઈબ્રીડ ૧૦, જી. કોટ. હાઈબ્રીડ ૧૨, જીએન. કોટ. હાઈબ્રીડ ૧૪ અને અંકુર ૬૫૧ કરતા અનુક્રમે ૨૦.૪, ૪૮.૭, ૩૬.૭ અને ૪૫.૯ % કપાસનું વધુ ઉત્પાદન આપેલ છે. જી.કોટ.હાઈબ્રીડ ૨૨ નું રૂનું ઉત્પાદન ૧૦૧૦ કિ.ગ્રા./હે. મળેલ છે, જે નિયંત્રિત જાતો કરતા અનુક્રમે ૨૬.૦, ૫૫.૦, ૪૨.૨ અને ૩૭.૩ % વધુ રૂનું ઉત્પાદન આપેલ છે. આ જાત ૩૪.૭ % રૂ અને ૧૮.૩૭ % તેલ ધરાવે છે. આ જાત મધ્યમ મોડી પાકતી જાત છે.

(સંશોધન વૈજ્ઞાનિક(કપાસ) કપાસ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

### ૧.૪ ગુજરાત ગોળ રીંગણ -૫ (જી.આર. બી.-૫)

ગુજરાત રાજયમાં પાછોતરા ખરીફ થી રવિ ઋતુમાં રીંગણનો પાક ઉગાડતા ખેડૂતોને રીંગણની ગુજરાત ગોળ રીંગણ ૫ (જીઆરબી ૫) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતના રીંગણનું ઉત્પાદન ૩૯૫.૦૪ કવીન્ટલ/હેકટર મળેલ છે, જે નિયંત્રિત જાત ગુજરાત આણંદ લંબગોળ રીંગણ ૨ તથા ગુજરાત જૂનાગઢ રીંગણ ૩ કરતા અનુક્રમે ૧૦.૧૨ તથા ૨૪.૩૮ % વધારે માલુમ પડેલ છે. આ જાતના રીંગણ મધ્યમ કદના, મધ્યમ ગોળ તથા આછા લીલા રંગના જાંબલી ઝાંય વાળા સારા ચળકાટવાળા છે. આ જાત રોગ–જીવાત સામે સારી પ્રતિકારક માલૂમ પડેલ છે.

(સંશોધન વૈજ્ઞાનિક(લ–ડું), શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

### ૧.૫ ગુજરાત ટમેટા -૬(જી.ટી.-૬)

ગુજરાત રાજયમાં પાછોતરા ચોમાસા તથા રવિ ઋતુમાં ટમેટાનો પાક ઉગાડતા ખેડૂતોને ટમેટાની ગુજરાત ટમેટા ૬ (જીટી ૬) જાત વાવેતર માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતના ટમેટાનું ઉત્પાદન ૩૧૬.૦૫ કિવ./હે. મળેલ છે, જે નિયંત્રિત જાતો આણંદ ટમેટા ૩(૨૪૦.૮૪ કિવ./હે.), જૂનાગઢ ટમેટા ૩ (૨૪૬.૯૪ કિવ./હે.) તથા ડીવીઆરટી ૨ (૨૪૮.૨૬ કિવ./હે.) કરતા

અનુક્રમે ૩૧.૨૩, ૨૭.૯૯ તથા ૨૭.૩૧ ટકા વધારે માલુમ પડેલ છે. આ જાતના ટમેટાના ફળો મધ્યમ કદના, ચપટા ગોળાકાર અને લાલ રંગના, ફળો ૩ થી ૪ ખાનાવાળા તથા ફળમાં કુલ દ્રાવ્ય ઘન પદાર્થોનું પ્રમાણ વધારે છે. આ જાત પાનનો કોકડવા તથા ફળ કોરી ખાનારી ઈયળમાં નિયંત્રિત જાતો કરતા સારી પ્રતિકારક માલુમ પડેલ છે.

(સંશોધન વૈજ્ઞાનિક(લ–ડું), શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

## ૧.૬ ગુજરાત ભીંડા –૬(જી.ઓ.–૬)

ગુજરાતમાં ચોમાસુ ઋતુમાં ભીંડાનો પાક ઉગાડતા ખેડૂતોને ભીંડાની ગુજરાત ભીંડા–૬ (જીઓ–૬) જાતનું વાવેતર કરવા ભલામણ કરવામાં આવે છે. આ જાતના ભીંડાનું સરેરાશ ઉત્પાદન ૧૨૫.૭૭ કિવન્ટલ/હેકટર મળેલ છે. જે નિયંત્રિત જાતો ગુજરાત જૂનાગઢ ભીંડા ૩ (૧૧૦.૯૫ કિવન્ટલ/હે.), ગુજરાત આંણદ ભીંડા ૫ (૧૦૩.૧૮ કિવન્ટલ/હે.) અને પુસા સાવની (૧૦૮.૯૩ કિવન્ટલ/હે.) કરતા અનુક્રમે ૧૩.૩૬, ૨૧.૮૯ અને ૧૫.૪૬ ટકા વધારે માલૂમ પડેલ છે. આ જાતના ભીંડાની શીંગો લીસી, કુણી, ઘેરા લીલા રંગની, આકર્ષક અને લીલા રંગની બેઠક વાળી થાય છે. જૂનાગઢ કેન્દ્ર ખાતે આ જાતમાં બધી જ નિયંત્રિત જાતો કરતા પંચરંગીયાનો રોગ ઓછો જોવા મળે છે, જયારે આણંદ ખાતે ગુજરાત જૂનાગઢ ભીંડા ૩ અને પુસા સાવની કરતા ઓછો જોવા મળે છે. આ જાત જીવાતની દ્રષ્ટીએ જોતા, શીંગો કોરી ખાનાર ઈયળ, તડતડીયા અને સફેદ માખીના ઉપદ્રવ સામે જૂનાગઢ ખાતે બધી નિયંત્રિત જાતો કરતા સારી માલુમ પડેલ છે, જયારે આણંદ કેન્દ્ર ખાતે શીંગો કોરી ખાનાર ઈયળના નુકસાન સામે સારી માલુમ પડેલ છે, જયારે તડતડીયા તથા સફેદ માખી સામે સમાન જોવા મળેલ છે.

(સંશોધન વૈજ્ઞાનિક(લ–ડું), શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

## ૧.૭ ગુજરાત તલ –૬(જી.ટી.–૬)

ગુજરાત રાજયના ચોમાસુ ઋતુમાં તલ ઉગાડતા ખેડૂતોન તલની ગુજરાત તલ ૬ (જીટી ૬) જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. આ જાતનું સરેરાશ ઉત્પાદન ૧૦૧૦ કિ.ગ્રા./હે. મળેલ છે, જે નિયંત્રિત જાત ગુ. તલ ૪ (૮૬૬ કિ.ગ્રા./હે.) કરતા ૧૬.૬૨ % વધારે માલુમ પડેલ છે. આ

જાતમાં તેલનું પ્રમાણ ૪૯.૬૮ % છે અને ૫૦૨ કિ.ગ્રા./હે. તેલનુ ઉત્પાદન મળેલ છે જે ગુ. તલ ૪ (૪૨૭ કિ.ગ્રા./હે.) કરતા ૧૭.૬૦ % વધારે છે. આ જાતના દાણા સફેદ રંગના અને મોટા છે.

(સંશોધન વૈજ્ઞાનિક(પાક સંવર્ધન), કૃષિ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, અમરેલી)

## ૨) ધાન્ય પાકો

### ૨.૧ ઘઉં

#### (ક) ઘઉંના પાકમાં પિયત પધ્ધતિ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત–આબોહવાકીય વિસ્તારમાં શિયાળુ ઋતુમાં ઘઉં પકવતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ઘઉંના પાકમાં વધુ ઉત્પાદન અને ૧૦ ટકા પિયત પાણીની બચત કરવા માટે ઘઉંના પાકને કુલ ૧૦ પિયત આપવા,પ્રથમ પિયત વાવેતર બાદ તુરંત અને બાકીના ૯ પિયત ૮ થી ૧૦ દિવસના ગાળે (૦.૯ બાષ્પીભવનાંકે) આપવા.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

#### (ખ) ઘઉંના પાકમાં ખાતર વ્યવસ્થાપન

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં મધ્યમ કાળી ચુનાયુકત જમીનમાં ઘઉંનું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ઘઉંના પાકમાં નાઈટ્રોજન ૧૨૦ કિ.ગ્રા./હેકટર બે હપ્તાને બદલે ત્રણ હપ્તામાં (૧/૪ ભાગ પાયામાં + ૧/૨ ભાગ વાવણી બાદ ૨૦ થી ૨૫ દિવસે + ૧/૪ ભાગ વાવણી બાદ ૩૫ થી ૪૦ દિવસે) મુજબ તેમજ ભલામણ કરેલ ફોસ્ફરસ અને પોટાશ (૬૦–૬૦ કિ.ગ્રા./હેકટર) પાયામાં આપવાથી વધુ ઉત્પાદન, ચોખ્ખો નફો અને ખાતરની કાર્યક્ષમતા વધારી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણ શાસ્ત્ર અને જમીન વિભાગ અને સંશોધન વૈજ્ઞાનિક(ઘઉં), ઘઉં સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

#### (ગ) ઘઉંના પાકમાં ઝીંક સલ્ફેટ ખાતર વ્યવસ્થાપન

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તાર(ખેત હવામાન પરિસ્થિતિ–૧૦)માં ઘઉંનું વાવેતર કરતા ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે

ઘઉંના પાકને ભલામણ કરેલ રાસાયણિક ખાતર ના.ફો.પો.૧૨૦:૬૦:૬૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટરની સાથે ઝીંક સલ્ફેટ ૨૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટરે વાવેતર સમયે જમીનમાં આપવાની સાથે ૦.૫ ટકા (૫૦ ગ્રામ/૧૦ લીટર પાણીમાં) ઝીંક સલ્ફેટના બે છંટકાવ નિંઘલ અને દુધિયા દાણાની અવસ્થાએ કરવાથી વધુ ઉત્પાદન અને આર્થિક વળતર મેળવી શકાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક(સૂકી ખેતી), મુખ્ય સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, તરઘડીયા)

## ૨.૨ બાજરો

### (ક) ચોમાસુ બાજરીમાં ડુંડા ઈયળનું સંકલિત નિયંત્રણ

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ચોમાસુ બાજરો ઉગાડતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે એચએનપીવી ૪૫૦ એલઈ/હેક્ટર (૧૦ મીલી/૧૦ લીટર પાણી) અથવા બેસીલસ થુરીનજીએનસીસ ૫ % ડબ્લયુ પી. (૨×૧૦$^{૯}$ એફયુ/ગ્રામ) ૧ કિગ્રા/હે. (૨૦ ગ્રામ/૧૦ લીટર પાણી) અથવા બ્યુવેરીયા બાસીયાના ૧.૧૫ % ડબ્લયુ.પી. (૨×૧૦$^{૬}$ સીએફયુ/ગ્રામ) ૨ કિગ્રા/હે. (૪૦ ગ્રામ/૧૦ લીટર પાણી) ડુંડાની ઈયળ દેખાય ત્યારે છંટકાવ કરવાથી અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ મળે છે.

| વર્ષ | પાક | જીવાત | જંતુનાશક દવાઓનું ફોર્મુલેશન | પ્રમાણ | | | | પાણીની કુલ જરૂરીયાત પ્રતિ હેક્ટર | વાપરવાની પધ્ધતિ | વેઈટીંગ પીરીયડ/ પી. એચ. આઈ. (દિવસ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સક્રિય તત્વ ગ્રામ પ્રતિ હેક્ટર | ફોર્મુલેશનની માત્રા ગ્રામ/ મીલી/ કિલો/ લી પ્રતિ હેક્ટર | સાંદ્રતા (%) | પાણી સાથે ડાયલ્યુશન ૧૦ લીટર | | | |
| ૨૦૧૮ | બાજરી | ડુંડાની ઈયળ (લીલી ઈયળ) | એચ.એન.પી.વી. ૪૫૦ એલ.ઈ./ હે. | – | ૫૦૦ મીલી | ૪૫૦ એલ. ઈ./હે. | ૧૦ મીલી | ૫૦૦ લી. | ડુંડાની ઈયળ દેખાય ત્યારે છંટકાવ | લાગુ પડતું નથી. |
| | | | બેસીલસથુરીયેન જીનેસીસ ૫ % ડબલ્યુ પી. | ૫૦ | ૧.૦ કિ.ગ્રા. | ૦.૦૧ % | ૨૦ ગ્રામ | | | |
| | | | બ્યુવેરીયા બાસી યાના ૧.૧૫ % ડબલ્યુ પી. | – | ૨.૦ કિ.ગ્રા. | ૪ ગ્રામ/લી. | ૪૦ ગ્રામ | | | |

(સંશોધન વૈજ્ઞાનિક(બાજરા), બાજરા સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જામનગર)

## ૩. તેલીબિયાં પાકો

### ૩.૧ મગફળી

### (ક) મગફળી-ઘઉંમાં પાક પધ્ધતિ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં શિયાળું ઋતુમાં ઘઉ – ઉનાળુ ઋતુમાં પડતર – ચોમાસું ઋતુમાં મગફળી પાક પધ્ધતિ અપનાવતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે ચોમાસું મગફળીનું વધુ ઉત્પાદન તેમજ વધુ ચોખ્ખો નફો મેળવવા માટે અને જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા માટે રવી ઋતુમાં વાવેતર કરેલ ઘઉના પાકની કાપણી કમ્બાઈન્ડ હાર્વેસ્ટરથી કરી ઘઉના પાકના અવશેષો રોટાવેટર અને રાંપથી જમીનમાં ભેળવવા તેમજ જમીનમાં ૧૨ કિ.ગ્રા. નાઈટ્રોજન પ્રતિ હેકટર (૨૬ કિ.ગ્રા. યુરીયા પ્રતિ હેકટર) અને ૫ કિ.ગ્રા.માધ્યમ કલ્ચર પ્રતિ હેકટર આપવું. ત્યારબાદ ફુવારા પિયત પધ્ધતિ ધ્વારા જમીનને હલકુ પિયત આપવું.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

### (ખ) મગફળી-ઘઉ આંતર પાક પધ્ધતિ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત–આબોહવાકીય વિસ્તારના મગફળી (ચોમાસુ) – ઘઉ (શિયાળું) પાક પધ્ધતિ અપનાવતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા માટે મગફળી – ઘઉ પાક પધ્ધતિની જગ્યાએ નીચેના માંથી કોઈ એક ઘનિષ્ઠ પાક પધ્ધતિ અપનાવવાની ભલામણ કરવામાં આવે છે.

| ચોમાસુ | શિયાળું | ઉનાળું |
|---|---|---|
| ૬૦ સે.મી.ના અંતરે બે હાર મગફળી (અર્ધ વેલડી) અને એક હાર સ્વીટકોર્ન | ૪૫ સે.મી.ના અંતરે બે હાર ધાણાં અને એક હાર વટાણા (શાકભાજી) | ૪૫ સે.મી.ના અંતરે બે હાર તલ અને એક હાર ચોળી (શાકભાજી) |
| **અથવા** | | |
| ૪૫ સે.મી.ના અંતરે ગમ ગુવાર | ૬૦ સે.મી.ના અંતરે બે હાર વરીયાળી અને ૧૫ સે.મી.ના અંતરે આઠ હાર લસણ | ૪૫ સે.મી.ના અંતરે બે હાર તલ અને ૨૨.૫ સે.મી.ના અંતરે બે હાર ચારાની જુવાર |

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

## (ગ) ઉભડી મગફળીમાં આંતરપાક પધ્ધતિ

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં વરસાદ આધારીત ઉભડી મગફળીના પાકમાં આંતર પાક પધ્ધતિથી વાવેતર કરતા ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે મગફળીની બે હાર સાથે આંતરપાક કપાસની એક હાર વાવવાથી વધારે ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવી શકાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક(સૂકી ખેતી), મુખ્ય સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, તરઘડીયા)

## (ઘ) વરસાદ આધારીત અર્ધવેલડી મગફળીમાં રાસાયણિક ખાતર વ્યવસ્થાપન

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં વરસાદ આધારીત અર્ધવેલડી મગફળીનું વાવેતર કરતા ખેડુતોને ભલામણ કરવામા આવે છે કે મગફળીના પાકને ભલામણ કરેલ ૧૨.૫ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૨૫ કિ.ગ્રા. ફોસ્ફરસ પ્રતિ હેકટરની સાથે ૨ ટકા યુરિયાના દ્રાવણનો છંટકાવ વાવેતરબાદ ૩૦ થી ૩૫ દિવસે કરવાથી વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવી શકાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક(સૂકી ખેતી), મુખ્ય સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, તરઘડીયા)

## (ચ) ચોમાસુ મગફળીમાં સફેદ ઘૈણનું અસરકારક નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં ચોમાસું મગફળીની ખેતી કરતાં ખેડૂતોને સફેદ ઘૈણના અસરકારક નિયંત્રણ માટે કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૫ મીલી / કિગ્રા બીજ મુજબ માવજત અને આ બ્યુવેરીયા બાસીયાના અથવા મેટારીઝીયમએનીસોપ્લી ૧.૧૫ વે.પા. (ન્યુનતમ $૨\times૧૦^{૬}$ સીએફયુ/ગ્રામ) વાવેતર પહેલા જમીનમાં એરંડીના ખોળ(૩૦૦ કિ.ગ્રા./હે.) સાથે અને ઉગાવાના ૩૦ દિવસ બાદ પાણી સાથે ૫ કિ.ગ્રા./હેકટર પ્રમાણે જમીનમાં આપવાની ભલામણ કરવામાં આવે છે.

જૈવિક ખેતી માટે બ્યુવેરીયા બાસીયાના અથવા મેટારીઝીયમ એનીસોપ્લી ૧.૧૫ વે.પા. (ન્યુનતમ $૨\times૧૦^{૬}$ સીએફયુ/ગ્રામ) ૫ કિ.ગ્રા./ હેકટર વાવેતર પહેલા જમીનમાં એરંડીના ખોળ (૩૦૦ કિ.ગ્રા./હે.) સાથે અને ઉગાવાના ૩૦ દિવસ બાદ પાણી સાથે જમીનમાં આપવાની ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યપક અને વડા, કિટક શાસ્ત્ર વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

**(છ) મગફળી સંગ્રહ કરવાની ભલામણ**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ધ્રૂમીકૃત કરેલ મગફળી ડોડવાને હાઈડેન્સીટી પોલીથીન બેગ અથવા પોલીથીન લેયર્ડ બેગમાં સંગ્રહ કરવાથી ભોટવાનું અસરકારક અને અર્થક્ષમ વ્યવસ્થાપન કરી શકાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક(મગફળી) મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

### ૩.૨ દિવેલા

**(ક) પિયત દિવેલાના ફોસ્ફરસ સોલ્યુબલાઈજીંગ બેકટેરીયા કલ્ચરની માવજત**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત–આબોહવાકીય વિસ્તારમાં પિયત દિવેલા ઉગાડતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે દિવેલાના પાકમાં ૪૦ કિ.ગ્રા. ફોસ્ફરસ પ્રતિ હેકટર અને ફોસ્ફરસ સોલ્યુબલાઈજીંગ બેકટેરીયા કલ્ચર જમીનમાં ૨ લીટર પ્રતિ હેકટર મુજબ તેમજ ભલામણ કરેલ રાસાયણીક ખાતર નાઈટ્રોજન અને પોટેશિયમ (૧૨૦–૫૦ કિ.ગ્રા./હેકટર) આપવાથી ઉત્પાદનમાં અને ચોખી આવકમાં વધારો મેળવી શકાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક(મગફળી) મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

### ૩.૩ સોયાબીન

**(ક) સોયાબીનની એન.આર.સી.–૩૭ જાતમાં રાસાયણિક ખાતર વ્યવસ્થાપન**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તાર કે જયાં ભાસ્મીક જમીનમાં ખરીફ ૠતુમાં સોયાબીન ઉગાડતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે સોયાબીનની એન.આર.સી.–૩૭ જાત ભલામણ મુજબ રાસાયણીક ખાતર ૩૦–૬૦–૦૦ ના–ફો–પો કિગ્રા/હે. તેમજ છાણિયું ખાતર ૧૦ ટન/હે સાથે જીપ્સમ જરૂરીયાતના ૫૦ % મુજબ આપવાથી વધારે ઉત્પાદન અને ચોખ્ખુ વળતર મળે છે.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણ શાસ્ત્ર અને જમીન વિભાગ અને સંશોધન વૈજ્ઞાનિક(બાગાયત), ફળ સંશોધન કેન્દ્ર(ફળપાકો), જૂકૃયુ, મહુવા)

## ૩.૪ તલ

### (ક) તલની જીવાતોના નિયંત્રણ માટે આંતરપાક પધ્ધતિ

ઉતર સૈરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ચોમાસુ ઋતુમાં તલ ઉગાડતા ખેડૂતોને પાકમાં જીવાતોનું પ્રમાણ ઘટાડવા, પરભક્ષી જીવાતોની સક્રિયતા વધારવા અને એકંદર ચોખ્ખી આવક વધારવા તલનાં પાકમાં આંતર પાક તરીકે અડદ (૨ લાઈન તલ + ૧ લાઈન અડદ) ૬૦ × ૧૦ સે.મી.ના અંતરે વાવવા ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક(પાક સંવર્ધન), કૃષિ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, અમરેલી)

## ૩.૫ રાઈ

### (ક) રાઈના પાન વાળનાર ઈયળનું અસરકારક અર્થક્ષમ નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના શિયાળુ ઋતુમાં રાઈ વાવતાં ખેડૂતોને પાન વાળનાર ઈયળના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. ૨૫૦ ગ્રામ સક્રિય તત્વ/હે. (૨૫ મીલી/૧૦ લીટર પાણીમાં) અથવા કવીનાલફોસ ૨૫ ઈ.સી. ૨૫૦ ગ્રામ સક્રિય તત્વ/હે. (૨૦ મીલી/૧૦ લીટર પાણીમાં) બે છંટકાવ જીવાતનો ઉપદ્રવ શરૂ થયેથી સાત દિવસના અંતરે કરવાની ભલામણ છે.

| વર્ષ | પાક | જીવાત | જંતુનાશક દવા અને તેનું ફોર્મ્યુલેશન | પ્રમાણ | | | | જંતુનાશક દવા અને પાણીનાં દ્રાવણની કુલ જરૂરીયાત પ્રતિ હેકટર | વાપરવાની પધ્ધતિ | વેઈટીંગ પીરીયડ/ પી.એસ. આઈ. (દિવસ) | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સક્રિય તત્વ પ્રતિ હેકટર ગ્રામ / હે | ફોર્મ્યુલેશન ની માત્રા ગ્રામ/મીલી, કિલો/લી પ્રતિ હેકટર | સાંદ્રતા (%) | પાણી સાથે ડાયલ્યુશન (૧૦ લીટર) | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૨૦૧૭ –૧૮ | રાઈ | પાન વાળનાર ઈયળ | ક્લોરપાયરીફોસ ૨૦ ઈ.સી. | ૨૫૦ | ૧.૨૫ લી. | 0.0૫ | ૨૫ ગ્રામ | ૫૦૦ લી. | સાત દિવસના અંતરે બે છંટકાવ કરવા. પ્રથમ છંટકાવ જીવાતનો ઉપદ્રવ શરૂ થયે કરવો. | — | સી.આઈ.બી. માં માન્ય થયેલ છે. |
| | | | કવીનાલફોસ ૨૫ ઈ.સી. | ૨૫૦ | ૧.૦ લી. | 0.0૫ | ૨૦ ગ્રામ | ૫૦૦ લી. | | | |

(સંશોધન વૈજ્ઞાનિક(મગફળી) મુખ્ય તેલીબિયાં સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

## ૪. કઠોળ પાકો

### ૪.૧ ચણા

### (ક) ચણાના પાકમાં પિયત પધ્ધતિ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારનાં ચણા ઉગાડતા ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે પાકનું વધુ ઉત્પાદન, વધુ ચોખ્ખો નફો મેળવવા તેમજ પિયત પાણીના ૨૭% બચાવ માટે બે પિયત રેલાવીને આપ્યા બાદ ટપક સિંચાઈ પધ્ધતિથી પાકનો ૦.૮ બાસ્પોત્સર્જન આંક હોય ત્યારે દર પાંચમાં દિવસે પિયત આપવાની ભલામણ કરવામાં આવે છે. ટપક પધ્ધતિ ને લગતી વિગતો નીચે મુજબ છે.

| ટપક પધ્ધતિની વિગત | પરીચલનનો સમય | |
|---|---|---|
| | મહીનો | મીનીટ |
| પાણીની નળીઓનું અંતરઃ- ૯૦ સેમી. | ડીસેમ્બર | ૫૭ |
| ટપકણીયાનું અંતર :- ૪૫ સેમી. | જાન્યુઆરી | ૧૦૪ |
| ટપકણીયાનો સ્ત્રાવક્ષમતાઃ- ૪લીટર પ્રતિ કલાક | ફેબ્રુઆરી | ૬૫ |
| પટી ચલણનું દબાણઃ- ૧.૨ કિગ્રા પ્રતિ ચો. સેમ | | |
| પટી ચલણનું પુનરાવૃતિઃ- ૫માં દિવસે | | |

(સંશોધન વૈજ્ઞાનિક(ચણા), કઠોળ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

### (ખ) ચણાના પાકમાં કટોકટી અવસ્થાએ પિયત વ્યવસ્થાપન

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં ઓછા પાણીથી ચણાની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, પ્રથમ પિયત વાવેતર બાદ તુરંત અને બીજુ પિયત ૬ થી ૭ દિવસે આપ્યા બાદ ચાર પિયત પાકની કટોકટીની અવસ્થાઓ જેવી કે ડાળીઓ ફુટવી, ફુલ આવવા, પોપટા આવવા અને દાણા ભરાવા વખતે પિયત આપવાથી વધારે ઉત્પાદન મેળવી શકાય છે અને ૧૭ ટકા પિયત પાણીની બચત કરી શકાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક(ચણા), કઠોળ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

### ૪.૨ અડદ

**(ક) અડદના પાકમાં વધુ ઉત્પાદન અને ચોખ્ખી આવક માટે જીબ્રેલીક એસીડની ભલામણ**

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય પરિસ્થિતિ–૬માં ખરીફ ઋતુમાં વરસાદ આધારીત અડદનું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે જીબ્રેલીક એસીડ (જીએ૩) ૧ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં (૧૦૦ પી.પી.એમ.)નાં દ્રાવણનો ફુલ આવવાની (વાવણી બાદ ૩૫–૪૦ દિવસે) અને શિંગો બંધાવાની (વાવણી બાદ ૫૫–૬૦ દિવસે) અવસ્થાએ એમ બે છંટકાવ કરવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવી શકાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક(સૂકી ખેતી), મુખ્ય સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, તરઘડીયા)

## ૫. રોકડીયા પાકો

### ૫.૧ કપાસ

**(ક) બ્યુવેરીયા બાસીયાના સાથે જુદી–જુદી કિટનાશકના પ્રમાણની ભલામણ**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં કપાસની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, આ પાકમાં મોલો, તડતડીયા, થ્રીપ્સ અને સફેદ માખીના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે નીચેની કોઈપણ એક દવાના પાંચ છંટકાવ, પ્રથમ છંટકાવ જીવાત દેખાયે અને બીજા ચાર છંટકાવ બાદ ૧૦ દિવસના અંતરે કરવાની ભલામણ છે.

૧. ડીનોટેફયુરાન ૨૦ એસજી ૦.૦૧ % (૫.૦ ગ્રામ/ ૧૦ લીટર પાણીમાં)

૨. ડાયફેન્થ્યુરોન ૫૦ વે.પા. ૦.૦૫ % (૧૦ ગ્રામ/ ૧૦ લીટર પાણીમાં)

૩. ફલોનીકામાઈડ ૫૦ ડબલ્યુજી ૦.૦૧૫ % (૩.૦ ગ્રામ/ ૧૦ લીટર પાણીમાં)

૪. સ્પાઈરોમેસીફેન ૨૨.૯ એસસી ૦.૦૧૧ % (૫.૦ મીલી/ ૧૦ લીટર પાણીમાં)

૫. સ્પીનોસાડ ૪૫ એસ.સી.૦.૦૧૮ % (૪ મીલી/ ૧૦ લીટર પાણીમાં)

પર્યાવરણ અનુકુળ નિયંત્રણ માટે બ્યુવેરીયા બાસીયાના ૧.૧૫ વે.પા. (ન્યુનતમ $૨\times૧૦^{૬}$ સીએફયુ/ગ્રામ) ૦.૦૦૭ % (૬૦ ગ્રામ/ ૧૦ લીટર પાણીમાં) ના પાંચ છંટકાવ, પ્રથમ છંટકાવ જીવાત દેખાયે અને બીજા ચાર છંટકાવ, પ્રથમ છંટકાવ બાદ ૧૦ દિવસના અંતરે કરવાની ભલામણ છે.

| વર્ષ | પાક | જીવાત | જંતુનાશક દવા અને તેનું ફોર્મ્યુલેશન | પ્રમાણ | | | | જંતુનાશક દવા અને પાણીનાં દ્રાવણની કુલ જરૂરીયાત પ્રતિ હેકટર | વાપરવાની પધ્ધતિ | વેઈટીંગ પીરીયડ/ પી.એસ.આઈ. (દિવસ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સક્રિય તત્વ પ્રતિ હેકટર ગ્રામ / હે | ફોર્મ્યુલેશન ની માત્રા મીલી, કિલો પ્રતિ હેકટર | સાંદ્રતા (%) | પાણી સાથે ડાયલ્યુશન (૧૦ લીટર) | | | |
| ૨૦૧૭ -૧૮ | કપાસ | મોલો, તડતતીયા, થ્રીપ્સ અને સફેદ માખી | ડિનોટેફયુરાન ૨૦ એસજી | ૫૦.૦૦ | ૦.૨૫૦ કિ.ગ્રા. | ૦.૦૧ | ૫ ગ્રામ | ૫૦૦ લીટર | પ્રથમ છંટકાવ જીવાત દેખાયે અને બીજા ચાર છંટકાવ પ્રથમ છંટકાવના ૧૦ દિવસના અંતરે | ૧૫ |
| | | | ડાયફેન્થ્યુરોન ૫૦ વે.પા. | ૨૫૦.૦ | ૦.૫૦૦ કિ.ગ્રા. | ૦.૦૫ | ૧૦ ગ્રામ | ૫૦૦ લીટર | | ૨૧ |
| | | | ફ્લોનીકામાઈડ ૫૦ ડબલ્યુજી | ૭૫.૦૦ | ૦.૧૫૦ કિ.ગ્રા. | ૦.૦૧૫ | ૩ ગ્રામ | ૫૦૦ લીટર | | ૨૫ |
| | | | સ્પાઈરોમેસીફેન ૨૨.૯ એસસી | ૫૭.૨૫ | ૨૫૦ મીલી | ૦.૦૧૧ | ૫ મીલી | ૫૦૦ લીટર | | ૧૦ |
| | | | બ્યુવેરીયા બાસીયાના ૧.૧૫ વે.પા. | $૨\times૧૦^{૬}$ સીએફયુ/ગ્રામ | ૩.૦ કિ.ગ્રા. | ૦.૦૦૭ (ન્યુનતમ $૨\times૧૦^{૬}$ સીએફયુ/ગ્રામ | ૬૦ ગ્રામ | ૫૦૦ લીટર | | - |

(પ્રાધ્યાપક અને વડા, કિટક શાસ્ત્ર વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

## (ખ) કપાસના પાકમાં ગુલાબી ઈયળના નિયંત્રણ માટે સાવજ એમડીપીની માવજત

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં કપાસની ખેતી કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, પાકમાં ગુલાબી ઈયળના અસરકારક, અર્થક્ષમ અને પર્યાવરણ અનુકૂળ નિયંત્રણ માટે સાવજ એમડીપી ટેકનોલોજીની ૪૦૦ ગ્રામ પેસ્ટ પ્રતિ હેકટર મુજબ (એક સરખા ૧૦૦૦ ટપકાને બેડાળીની વચ્ચેની જગ્યા પર), પ્રથમ માવજત જીવાતનો ઉપદ્રવ જણાય (ફુલ અવસ્થા) ત્યારે અને પછીની બે માવજત, પ્રથમ માવજતના ૩૦ દિવસના અંતરે આપવાની ભલામણ છે.

| વર્ષ | પાક | જીવાત | જંતુનાશક દવા અને તેનું ફોર્મ્યુલેશન | પ્રમાણ | | | | જંતુનાશક દવા અને પાણીનાં દ્રાવણની કુલ જરૂરીયાત પ્રતિ હેક્ટર | વાપરવાની પધ્ધતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સક્રિય તત્વ પ્રતિ હેક્ટર ગ્રામ / હે | ફોર્મ્યુલેશનની માત્રા મીલી, કિલો પ્રતિ હેક્ટર | સાંદ્રતા (%) | પાણી સાથે ડાયલ્યુશન (૧૦ લીટર) | | |
| ૨૦૧૮ | કપાસ | ગુલાબી ઈયળ | સાવજ એમડીપી ટેક્નોલોજી | – | ૧૨૦૦ ગ્રામ/હે (૪૦૦ ગ્રામ પેસ્ટ/માવજત/ હેક્ટર) | – | – | – | પ્રથમ માવજત જીવાતનો ઉપદ્રવ જણાય (ફુલ અવસ્થા) ત્યારે અને બીજી અને ત્રીજી માવજતના ૩૦ દિવસના અંતરે |

(પ્રાધ્યાપક અને વડા, કિટક શાસ્ત્ર વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

## (ગ) કપાસના પાકમાં ગુલાબી ઈયળના અસરકારક નિયંત્રણ માટે બ્યુવેરીયા બાસીયાના ભલામણ

કપાસની ખેતી કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ગુલાબી ઈયળના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે બ્યુવેરીયા બાસીયાના ૧.૧૫ વે.પા. (ન્યુનતમ ૨ × ૧૦$^{૬}$સીએફયુ/ ગ્રામ) ૦.૦૦૯ % (૮૦ ગ્રામ/૧૦ લીટર પાણીમાં) ના પાંચ છંટકાવ ૫ % અર્ધ ખુલેલા ફુલ દેખાય ત્યારે અને બીજા ચાર છંટકાવ, પ્રથમ છંટકાવના ૧૦ દિવસના અંતરે કરવાની ભલામણ છે.

| વર્ષ | પાક | જીવાત | જંતુનાશક દવા અને તેનું ફોર્મ્યુલેશન | પ્રમાણ | | | | જંતુનાશક દવા અને પાણીનાં દ્રાવણની કુલ જરૂરીયાત પ્રતિ હેક્ટર | વાપરવાની પધ્ધતિ | વેઈટીંગ પીરીયડ/ પી.એચ.આઈ. (દિવસ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સક્રિય તત્વ પ્રતિ હેક્ટર ગ્રામ / હે | ફોર્મ્યુલેશનની માત્રા મીલી, કિલો પ્રતિ હેક્ટર | સાંદ્રતા (%) | પાણી સાથે ડાયલ્યુશન (૧૦ લીટર) | | | |
| ૨૦૧૭-૧૮ | કપાસ | ગુલાબી ઈયળ | બ્યુવેરીયા બાસીયાના ૧.૧૫ વે.પા. | ૪૬.૦૦ | ૪.૦ કિ.ગ્રા. | ૦.૦૦૯ (ન્યુનતમ ૨×૧૦$^{૬}$સી એફયુ/ ગ્રામ | ૮૦ ગ્રામ | ૫૦૦ લીટર | પ્રથમ છંટકાવ ૫ % રોઝેટ ફુલ દેખાયે અને બીજા ચાર છંટકાવ પ્રથમ છંટકાવના ૧૦ દિવસના અંતરે | – |

(પ્રાધ્યાપક અને વડા, કિટક શાસ્ત્ર વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

## (ઘ) બીટી કપાસમાં ગુલાબી ઈયળના નિયંત્રણ માટે કીટનાશકોની ભલામણો

દક્ષિણ સૈરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના બીટી કપાસ ઉગાડતા ખેડૂતોને ગુલાબી ઈયળના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે નીચે દર્શાવેલ ગમે તે એક કીટનાશકનો પ્રથમ છંટકાવ વાવણી બાદ ૭૫ દિવસે અને બીજો છંટકાવ ત્યારબાદ ૧૫ દિવસે કરવાની ભલામણ છે.

૧. લેમડા સાયહેલોથ્રીન ૨.૫ ઈસી ૦.૦૦૨૫% (૧૦ મીલી/ ૧૦ લીટર પાણીમાં)

**અથવા**

૨. ડેલ્ટામેથ્રીન ૨.૮ ઈસી ૦.૦૦૨૮ %(૧૦ મીલી/ ૧૦ લીટર પાણીમાં)

| વર્ષ | પાક | જીવાત | જંતુનાશક દવા અને તેનું ફોર્મ્યુલેશન | પ્રમાણ | | | | પાણીનો જથ્થો લી / હેકટર | વાપરવાની પધ્ધતિ | વેઈટીંગ પીરીયડ/ પી.એચ.આઈ . (દિવસ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સક્રિય તત્વ પ્રતિ હેકટર (ગ્રામ /હે) | ફોર્મ્યુલેશનની માત્રા મીલી/ હેકટર | પ્રમાણ (%) | પાણી સાથે ડાયલ્યુશન (૧૦) | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૨૦૧૭ | કપાસ | ગુલાબી ઈયળ | લેમડાસાય હેલોથ્રીન ૨.૫ ઈસી | ૧૨.૫ | ૫૦૦ | ૦.૦૦૨૫ | ૧૦ મીલી | ૫૦૦ લી | પ્રથમ છંટકાવ કપાસની વાવણી બાદ ૭૫ દિવસે અને ત્યારબાદ ૧૫ દિવસે બીજો છંટકાવ | ૨૧ |
| | | | ડેલ્ટામેથ્રીન ૨.૮ ઈસી | ૧૪ | ૫૦૦ | ૦.૦૦૨૮ | ૧૦ મીલી | ૫૦૦ લી | | - |

(સંશોધન વૈજ્ઞાનિક(કપાસ) કપાસ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

## (ચ) કપાસની સજીવ ખેતી માટે જીવાણું જન્ય રોગોનું સંકલિત વ્યવસ્થાપન

કપાસ ઉગાડનારા ખેડૂતોને કપાસના પાન પર આવતા ફૂગજન્ય રોગોના વ્યવસ્થાપન અને વધુ આવક મેળવવામાં પાયરેકલોસ્ટોબીન ૫ ડબલ્યુજી + મેટીરામ ૫૫ ડબલ્યુજી ના (૩૦ ગ્રામ / ૧૦ લીટર પાણીમાં) ત્રણ છંટકાવ, પ્રથમ છંટકાવ રોગની શરૂઆત થયે તુરંત અને ત્યારબાદ ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે.

કપાસની સજીવ ખેતી માટે કપાસના પાન પર આવતા ફૂગ અને જીવાણુજન્ય રોગોના વ્યવસ્થાપન અને વધુ આવક મેળવવા માટે સ્યુડોમોનાસ ફ્લુરોસેન્સ ($૨\times૧૦^{૮}$ સીએફયુ) (૫૦ મીલી/ ૧૦ લીટર પાણીમાં) નાં ત્રણ છંટકાવ રોગની શરૂઆત થયે તુરત અને ત્યારબાદ ૧૫ દિવસના ગાળે બે છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે.

| વર્ષ | પાક | જીવાત | જંતુનાશક દવા અને તેનું ફોર્મ્યુલેશન | પ્રમાણ | | | | જંતુનાશક દવા અને પાણીનાં દ્રાવણની કુલ જરૂરીયાત પ્રતિ હેક્ટર | વાપરવાની પધ્ધતિ | વેઈટીંગ પીરીયડ/ પી.એચ. આઈ. (દિવસ) | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સક્રિય તત્વ પ્રતિ હેક્ટર ગ્રામ / હે | ફોર્મ્યુલેશન ની માત્રા ગ્રામ/ મીલી/કિલો /લી પ્રતિ હેક્ટર | સાંદ્રતા (%) | પાણી સાથે ડાયલ્યુશન (૧૦ લીટર પાણીમાં) | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૨૦૧૮ | કપાસ | પાન પર આવતાં રોગ | મેન્કોઝેબ ૬૩ વેપા + કર્બેન્ડાઝીમ ૧૨ વેપા | ૭૫૦ | ૧.૦ કિગ્રા | ૦.૧૫ | ૨૦ ગ્રામ | ૫૦૦ લીટર | પ્રથમ છંટકાવ રોગ દેખાય ત્યારે અને ત્યારપછી નાં છંટકાવ ૧૫ દિવસે | — | નક્કી કરેલ માત્રાથી ઓછી |
| | | | પાયરેક્લોસ્ટ્રોબી ન ૫ ડબલ્યુજી– મેટારામ ૫૫ ડબલ્યુજી | ૯૦૦ | ૧.૫ કિગ્રા | ૦.૧૮ | ૩૦ ગ્રામ | ૫૦૦ લીટર | પ્રથમ છંટકાવ રોગ દેખાય ત્યારે અને ત્યારપછી નાં છંટકાવ ૧૫ દિવસે | ૪૫ | સીઆઈબીઆર સીમાં નોંધાયેલ છે. |
| | | | સ્યુડોમોનાસ ફ્લુરોસેન્સ | ૨૫ $૨\times૧૦^{૮}$ સીએફયું /મિલી | ૨.૫ કિગ્રા | ૦.૦૦૫ $૨\times૧૦^{૮}$ સીએફયું /મિલી | ૫૦ મીલી | ૫૦૦ લીટર | પ્રથમ છંટકાવ રોગ દેખાય ત્યારે અને ત્યારપછી નાં છંટકાવ ૧૫ દિવસે | — | — |

(સંશોધન વૈજ્ઞાનિક(કપાસ) કપાસ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

## (છ) કપાસમાં ભેજ સંગ્રહ અને વરસાદના પાણીના વપરાશ માટે ધોરીયા પાળા અને મલ્ચીંગનો ઉપયોગ

ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારનાં સુકી ખેતી પરિસ્થિતિમાં બીટી કપાસ ગુ. કપાસ શંકર–૮(બોલ ગાર્ડ–II)નું ૧૨૦ × ૪૫ સે.મી. ના અંતરે વાવેતર કરતા ખેડૂતોને વધારે ઉત્પાદન અને મહત્તમ આર્થિક વળતર તેમજ મહત્તમ જમીનમાં ભેજ સંગ્રહ કરવા અને વરસાદના પાણીના વપરાશની કાર્યક્ષમતા મેળવવા માટે વાવેતર બાદ ૨૦ દિવસે ધોરીયા અને પાળા **અથવા** ૬૦ સે.મી.ના ધોરીયા અને બે હાર સાથે ૧૮૦ સે.મી. ના પહોળા કયારા બનાવવા અને સપ્ટેમ્બર માસમાં ચોમાસાની વિદાય સમયે કાળું પ્લાસ્ટીક (૨૫ માઈક્રોન)નું **અથવા** પ્રતિ હેકટરે ૫ ટન ભુસાનું આવરણ કરવાની ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક(સૂકી ખેતી), મુખ્ય સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, તરઘડીયા)

### ૫.૨ શેરડી

#### (ક) શેરડીના પાકમાં મલ્ચીંગ અને ખાતર વ્યવસ્થાપનની ભલામણ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં વસંતકાલીન શેરડીનું વાવેતર કરવા ઈચ્છતા ખેડુતોને શેરડીની વિકાસક્ષમ અવસ્થા દરમ્યાન પાણીની અછતની પરિસ્થિતિમાં વધારે ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવવા માટે શેરડીની વાવણી પછી હેકટર દીઠ ૫ ટન પતરી ૪ થી ૬ દિવસે મલ્ચ તરીકે પાથરી તેમજ ૬૦,૮૦ અને ૧૦૦ દિવસે યુરિયા + મ્યુરેટ ઓફ પોટાશ બન્નેની ૨.૫ ટકા પ્રમાણે (૨.૫ કિગ્રા યુરિયા અને ૨.૫ કિગ્રા મ્યુરેટ ઓફ પોટાશ પ્રતિ ૧૦૦ લીટર પાણીમાં) છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે.

(સંશોધન વૈજ્ઞાનિક(શેરડી) શેરડી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, કોડીનાર)

## ૬. શાકભાજી પાકો

### ૬.૧ ભીંડો

#### (ક) ચોમાસું ભીંડામાં નીંદણ નિયંત્રણ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં ચોમાસુ ભીંડાનું વાવેતર કરતાં ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે અસરકારક નીંદણ નિયંત્રણ તથા ભીંડાનું વધુ ઉત્પાદન અને ચોખ્ખુ વળતર મેળવવા માટે વાવણી બાદ ૧૫, ૩૦ અને ૪૫ દિવસે હાથ નિંદામણ કરવું.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

### ૬.૨ રીંગણ

#### (ક) રીંગણના પાકમાં સૂક્ષ્મ તત્વોની અસર

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં મધ્યમ કાળી ચુનાયુકત જમીનમાં મોડી ચોમાસુ ઋતુમાં રીંગણાનું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, રીંગણાના પાકમાં ભલામણ કરેલ રાસાયણિક ખાતર (૧૦૦–૩૭.૫–૩૭.૫ ના–ફો–પો કિ.ગ્રા./હે.) ઉપરાંત જમીન ચકાસણી મુજબ સૂક્ષ્મતત્વોને પાયામાં આપવાથી **અથવા** મલ્ટી–માઈક્રોન્યુટ્રીઅન્ટ ગ્રેડ–૪ (લોહ–મેન્ગેનીઝ–ઝીંક– કોપર– બોરોન, ૪.૦ – ૧.૦ – ૬.૦ – ૦.૫ – ૦.૫ ટકા) ના ૧ ટકા દ્રાવણનો ફેર રોપણી બાદ ૪૫, ૬૦ અને ૭૫

દિવસે છંટકાવ કરવાથી રીંગણાનું વધુ ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણ શાસ્ત્ર અને જમીન વિભાગ અને સંશોધન વૈજ્ઞાનિક(લ–ડું), શાકભાજી સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, જૂનાગઢ)

**૬.૩ ટમેટા**

**(ક) ટમેટાંમાં સફેદ નેટ હાઉસમાં વાવેતરથી વધુ ઉત્પાદન અને આર્થિક વળતર**

સૈરાષ્ટ્ર વિસ્તારના રક્ષિત આવરણમાં ટામેટાંની ખેતી કરવામાં રસ ધરાવતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે, ૬૦ ટકા છાયાવાળા સફેદ નેટ હાઉસમાં ટામેટાંની અનિયંત્રીત વૃધ્ધિવાળી જાતની ખેતી કરવાથી વધુ ઉત્પાદન અને આર્થિક વળતર મેળવી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, બાગાયત વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

**૭. બાગાયતી પાકો**

**૭.૧ ચીકુ**

**(ક) ચીકુમાં છાણીયા ખાતરની માવજત**

સૈરાષ્ટ્ર વિસ્તારના ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે, ક્ષારીય પાણીવાળા પિયતથી (૧૦–૧૪ ઈ.સી.) ચીકુ ફળપાકની સેન્દ્રીય ખેતી માટે ઝાડ દીઠ દર વર્ષે ૯૦ કિ.ગ્રા. છાણીયું ખાતર જૂન–જુલાઈ માસમાં આપવાથી વધુ ઉત્પાદન તથા વધુ આવક મેળવી શકાય છે, તેમજ જમીનની ફળદ્રુપતામાં અને સુક્ષ્મ જીવાણુંની માત્રામાં વધારો થાય છે.

(સંશોધન વૈજ્ઞાનિક, ફળ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, માંગરોળ)

**૮. મસાલા પાકો**

**૮.૧ વરિયાળી**

**(ક) વરિયાળી નીદણ નિયંત્રણ**

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં શિયાળુ વરિયાળીનું વાવેતર કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, અસરકારક નીદણ નિયંત્રણ તથા વરિયાળીનું વધુ ઉત્પાદન અને ચોખ્ખુ વળતર મેળવવા માટે

વાવણી બાદ ૨૦ અને ૪૦ દિવસે હાથ નિંદામણ અને આંતર ખેડ કરવી.

(પ્રાધ્યાપક અને વડા, કૃષિ વિજ્ઞાન વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

## ૯. કૃષિ ઈજનેરી

### (ક) તુવેરની દાળ બનાવવા ઉત્સેચકોની પ્રક્રિયાની ભલામણ

આથી કઠોળના પ્રોસેસીંગ સાથે સંકળાયેલ ઉદ્યોગકારોને તુવેરની દાળ બનાવવા તુવેરને ઉત્સેચકોની પ્રક્રિયા, ચોકકસ સાંદ્રતા, નિર્ધારીત તાપમાને અને સમય માટે આપવાની ભલામણ કરવામાં આવે છે. આ પ્રક્રિયાથી દાળની રીકવરી વધારે મળે છે, તથા દાળ બનાવવાના સમયમાં યોગ્ય ઘટાડો થાય છે.

(પ્રાધ્યાપક અને વડા, પ્રોસેસીંગ અને ફૂડ એન્જી. વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

### (ખ) ઘઉંના પાકમાં ટપક પદ્ધતિ

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના મધ્યમ કાળી જમીનમાં ઘઉંનુ વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ઘઉના પાકમાં લેટરલથી લેટરલ વચ્ચે ૧.૮ મીટર અને ૧૪ લીટર પ્રતિ કલાકના પ્રવાહ દરના ડ્રીપર વચ્ચે ૧.૦ મીટર અંતર રાખી ટપક પિયત પધ્ધતિ દ્વારા ૧૫૦ સેન્ટિબાર જેટલા તણાવે પિયત આપવાથી ઘઉના પાકમાં ૨૧.૦૪ % પાણી તથા ૪ % ઉર્જાની બચત સાથે વધુ ચોખ્ખી આવક મેળવી શકાય છે. જે માટે ટપક પધ્ધતિને નીચેની વિગત પ્રમાણે ચલાવવી.

| માસ | પિયત સંખ્યા | ચલાવવાનો સમય | બે પિયત વચ્ચેનું અંતર |
|---|---|---|---|
| નવેમ્બર | ૧ | બેઠું પિયત | વાવણી કર્યા પછી તરત |
| ડિસેમ્બર | ૩ | ૪ કલાક ૪૫ મિનીટ | ૧૦ દિવસ |
| જાન્યુઆરી | ૫ | ૩ કલાક ૪૦ મિનીટ | ૬ દિવસ |
| ફેબ્રુઆરી | ૩ | ૫ કલાક ૪૦ મિનીટ | ૯ દિવસ |

(પ્રાધ્યાપક અને વડા, જળ અને જમીન વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

### (ગ) ચેકડેમ દ્વારા અસરકારક રીચાર્જ પદ્ધતિ

ખેડૂતો, સ્વૈચ્છીક સંસ્થાઓ અને સરકારી વિભાગોને આથી ભલામણ કરવામાં આવે છે કે ઝરણાં ઉપર બાંધવામાં આવતાં ચેકડેમ અસરકારક રીચાર્જ

ટેકનીક છે, જેનાથી જૂનાગઢ વિસ્તારમાં ૦.૧૫ ઘન મીટર ભૂગર્ભ જળ રીચાર્જ પ્રતિ ચોરસ મીટર કેચમેંટ એરીયા પ્રમાણે કરી શકે છે જેનો ખર્ચ પ્રવર્તમાન કિંમત પ્રમાણે રૂા. ૧.૦૨ પ્રતિ ઘ.મી. થાય છે.

(પ્રાધ્યાપક અને વડા, જળ અને જમીન વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

**(ઘ) રીચાર્જ બેઝીન ફાયદામંદ ભુગર્ભજળ રીચાર્જ ટેકનીક**

ખેડૂતો, સ્વૈચ્છીક સંસ્થાઓ અને સરકારી વિભાગોને આથી ભલામણ કરવામાં આવે છે કે રીચાર્જ બેઝીન ખુબ જ ફાયદામંદ ભુગર્ભજળ રીચાર્જ ટેકનીક છે, જેના દ્વારા જૂનાગઢ વિસ્તારમાં ૦.૧૩ ઘન મીટર ભૂગર્ભ જળ રીચાર્જ પ્રતિ ચો.મી. કેચમેંટ એરીયા પ્રમાણે કરી શકે છે, જેનો ખર્ચ પ્રવર્તમાન કિંમત પ્રમાણે રૂા. ૦.૨૭ પ્રતિ ઘ.મી. થાય છે.

(પ્રાધ્યાપક અને વડા, જળ અને જમીન વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

**(ચ) રૂફ વોટર હાર્વેસ્ટીગ રીચાર્જ ટેકનીક**

નાગરીકો, ખેડૂતો, સ્વૈચ્છીક સંસ્થાઓ અને સરકારી વિભાગોને આથી ભલામણ કરવામાં આવે છે કે રૂફ વોટર હાર્વેસ્ટીંગ ખૂબ જ અસરકારક રીચાર્જ ટેકનીક છે. જેનાથી જૂનાગઢ વિસ્તારમાં પ્રતિ ચો.મી. રૂફ વિસ્તારની ૦.૭૩ ઘ.મી. રનઓફ ક્ષમતામાંથી ૦.૨૨ ઘ.મી. ભુગર્ભ જળ રીચાર્જ અને ૦.૫૧ઘ.મી. ટાંકામાં સંગ્રહ થાય છે, જેનો ખર્ચ પ્રવર્તમાન કિંમત પ્રમાણે રૂા. ૩૪ પ્રતિ ઘ.મી. થાય છે અને રૂફ વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ ડીઝાઈન કરવા માટે વાર્ષિક ૦.૭૧ રૂફ વોટર રનઓફ કોએફિસીએંટ ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યાપક અને વડા, જળ અને જમીન વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, જૂકૃયુ, જૂનાગઢ)

**(છ) ઘઉંના પાકમાં ઓઝત બેજીનમાં સિંચાઈ વિભાગ અને પ્લાનર/આયોજકોને રિમોટ સેન્સીગ ટેકનોલોજી દ્વારા પિયત**

ઓઝત બેજીનમાં કાર્યરત સિંચાઈ વિભાગ અને પ્લાનર/આયોજકોને રિમોટ સેન્સીગ ટેકનોલોજી દ્વારા ગણતરી કર્યા અનુસાર ઘઉંના પાકમાં ૯ પિયત અનુક્રમે વાવેતર કર્યા પછી ૧૬, ૩૧, ૪૦, ૫૦, ૬૨, ૭૨, ૮૦, ૮૯, અને ૯૬ દિવસે ૩૩, ૩૮, ૩૨, ૩૭, ૪૫, ૪૩, ૩૭, ૪૫, ૪૩, ૩૭, ૪૪ અને ૩૫ મીમી ઉંડાઈના પિયત અને એક વાવણી પૂર્વેનું પિયત આપવાની

ભલામણ કરવામાં આવે છે.

(પ્રાધ્યાપક અને વડા, જળ અને જમીન વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, જૂકૃયુ, જૂનાગઢ)

## (જ) ટ્રેક્ટર સંચાલિત દાંતી સાથેનો સ્પાઈક્ડ રોલરનો ઉપયોગ

દક્ષિણ સૌરષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ખેડૂતો અને ઉત્પાદકો ને વાવણી લાયક જમીન તૈયાર કરવા માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા વિકસાવેલ ટ્રેકટર સંચાલિત દાંતી સાથેનો સ્પાઈક્ડ રોલર ઉપયોગમાં લેવાની ભલામણ કરવામાં આવે છે. આ ઓજારના ઉપયોગથી રૂઢિગત સાધનોની સરખામણીમાં ૬૮.૩૧% જેટલા ખર્ચની બચત કરી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, ફાર્મ મશીનરી વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, જૂકૃયુ, જૂનાગઢ)

## (ઝ) ટમેટાના પાકમાં ગાદી ક્યારા ટપક પધ્ધતિ અને મલ્ચીગનો ઉપયોગ

આથી દક્ષિણ સૌરાષ્ટ્ર કૃષિ આબોહવાકીય વિસ્તારના ટમેટા ઉગાડતા ખેડૂતોને શીયાળાની ઋતુમાં ગાદી કયારા અને ટપક પધ્ધતિ સાથે ૨૦ માઈક્રોન જાડાઈના સીલ્વર બ્લેક અથવા રેડ બ્લેક કલરના પ્લાસ્ટીક મલ્ચનો ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવે છે. આ પ્લાસ્ટીક મલ્ચના ઉપયોગથી પાકમાં રોગ–જીવાતનો ઉપદ્રવ ઘટાડી શકાય છે, નિંદામણનું નિયંત્રણ થાય છે તેમજ પાકની વધુ ઉત્પાદકતા અને આવક મેળવી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, રીન્યુએબલ એનર્જી અને રૂરલ એન્જીયરીંગવિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, જૂકૃયુ, જૂનાગઢ)

## (ટ) ટ્રેક્ટર સંચાલિત પ્લાસ્ટીક મલ્ચ કમ ડ્રીપ લેટરલ પાથરવાથી સમય અને ખર્ચની બચત

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ ટ્રેકટર સંચાલીત ઓછી કિંમતનું પ્લાસ્ટીક મલ્ચ કમ ડ્રીપ લેટરલ પાથરવાનું યંત્ર ખેડૂતોને વાપરવા તેમજ ખેત યંત્ર ઉત્પાદકો માટે ભલામણ કરવામાં આવે છે. જેના વડે ૯૦૦ થી ૧૫૦૦ મી.મી. (૩ થી ૫ ફુટ) સુધીની પહોળાઈના પ્લાસ્ટીક મલ્ચની સાથે સાથે ડ્રીપ લેટરલ ની બે લાઈન એકી સાથે પાથરી શકાય છે. આ યંત્ર વાપરવાથી માનવ દ્વારા મલ્ચ અને ડ્રીપ લેટરલ પાથરવાની સરખામણીએ

૯૭.૨૩ % સમયમાં તેમજ ૪૬.૦૩ % ખર્ચમાં બચત કરી શકાય છે.

(પ્રાધ્યાપક અને વડા, ફાર્મ મશીનરી વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, જૂકૃયુ, જૂનાગઢ)

**૧૦. પશુપાલન**

**(ક) પશુઓમાં ઈન્ફેકકસીસ બોવાઈન રાઈનોટ્રેકચાટીસ (IBR) રોગ પ્રતિકારક રસીકરણ દ્વારા નિયંત્રણ**

સૈરાષ્ટ્ર વિસ્તારના પશુઓમાં ઈન્ફેકકસીસ બોવાઈન રાઈનોટ્રેકચાટીસ (IBR) રોગનું આશરે ૩૦ % થી વધુ જોવા મળેલ હોય નિયંત્રણ માટે રોગ પ્રતિકારક રસીકરણ કરાવવા માટેની ભલામણ કરવામાં આવે છે.

(આચાર્યશ્રી, પશુપાલન અને પશુચીકિત્સા મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ)

**(ખ) અશ્વના સુમનો સોજાની કાળજી**

અશ્વ પાલકોને જણાવવાનું કે, શિયાળામાં સુમનો સોજોનું પ્રમાણ વધારે જોવા મળતું હોઈ તેઓએ અશ્વના સુમની યોગ્ય કાળજી લેવી.

(આચાર્યશ્રી, પશુપાલન અને પશુચીકિત્સા મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ)

**(ગ) જાફરાબાદી ભેંસના તબેલામાં દૂધ ઉત્પાદન વધારવા ફોગર્સ લગાવવા ભલામણ**

જાફરાબાદી ભેંસોનો તબેલો ધરાવતા પશુપાલકોને ભલામણ કરવામાં આવે છે કે ઉનાળામાં છુટી પુરેલ ભેંસોના તબેલામાં ફોગર્સ (ભારે દબાણવાળા ફુવારા) લગાવવામાં આવે તો દૂધ ઉત્પાદન જાળવાઈ રહે છે.

(સંશોધન વૈજ્ઞાનિક (પશુઉછેર),પશુઉછેર કેન્દ્ર , જૂકૃયુ, જૂનાગઢ)

**૧૧. મત્સ્ય પાલન**

**(ક) કરચલા (કટકેબ)ને જાળવણીની જુદી-જુદી પ્રક્રિયાઓ**

આથી મત્સ્ય પ્રક્રિયાકારોને ભલામણ કરવામાં આવે છે કે, કરચલા (કટકેબ) ને જુદી-જુદી જાળવણીની પ્રક્રિયાઓ પૈકી જીવાણુ નાશન (પાસ્યુરાઈજેશન) ની પ્રક્રિયા દ્વારા ૮૫° સે. તાપમાને ૧૦ મિનીટ સુધી પ્રોસેસ કર્યા બાદ -૪૦° સે.શીત તાપમાને ફ્રીઝીંગ કરી -૧૮ ± ૨° સે. તાપમાને જાળવણી કરવામાં આવે તો સુક્ષ્મ જીવાણુની સંખ્યામાં ઘટાડો, તેમજ તેની પાણી

સંગ્રહ ક્ષમતા, ગુણવતા અને આવરદા ૨૧૦ દિવસો માટે સારી રીતે જાળવી શકાય છે.

(આચાર્ય અને ડીન, મત્સ્યવિજ્ઞાન મહાવિદ્યાલય, જૂકૃયુ, વેરાવળ)

### (ખ) જીંગાનો જીવંત દર અને વિકાસ માટે બિયારણનો સંગ્રહ દર

ભાંભરા પાણીના જીંગા પાલન કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, લીટોપીનીયસ વન્નામી જીંગાના ઉછેરમાં બિયારણનો સંગ્રહ દર ૨૫ નંગ/ચોરસ મીટર રાખવાથી વધુ સારો જીવંત દર, વિકાસ અને વળતર મેળવી શકાય છે.

(સંશોધન અધિકારી, ફિશરીઝ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, ઓખા)

### (ગ) ઈન્ડીયન મેકરલ માછલીની સારી ગુણવતા માટે એલોવેરાની માવજત

માછીમારો/ સપ્લાયરને ભલામણ કરવામાં આવે છે કે, એલોવેરાના ૨૦% ના દ્રાવણમાં ૩૦ મીનીટ સુધી બરફમાં સંગ્રહ કરતા પહેલા ડુબાડી રાખવાની માવજત આપવાથી ઈન્ડીયન મેકરલ માછલી ૧૫ દિવસ સુધી સારી ગુણવતા સાથે જાળવી શકાય છે.

(સંશોધન અધિકારી, ફિશરીઝ સંશોધન કેન્દ્ર, જૂકૃયુ, ઓખા)

## ૧૨. અન્ય

### (ક) સાવજ બ્યુવેરીયાને જુદી જુદી કીટનાશકો સાથે મિશ્ર કરી શકાય કે નહિ, તે માટે નીચેના કોઠાને અનુસરવુ.

| ક્રમ | કીટનાશક દવાનું નામ | ભલામણ કરતા ઓછી માત્રા | | | ભલામણ મુજબની માત્રા | | | ભલામણ કરતા વધુ માત્રા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સાંદ્રતા (%) | પ્રમાણ (મી./ગ્રામ)/ ૧૦ લીટર | બ્યુવેરીયા બાસીયાના સાથે કિટનાશક દવા ભેળવવાની ભલામણ (હા/ના) | સાંદ્રતા (%) | પ્રમાણ (મી./ગ્રામ)/ ૧૦ લીટર | બ્યુવેરીયા બાસીયાના સાથે કિટનાશક દવા ભેળવવાની ભલામણ (હા/ના) | સાંદ્રતા (%) | પ્રમાણ (મી./ગ્રામ)/ ૧૦ લીટર | બ્યુવેરીયા બાસીયાના સાથે કિટનાશક દવા ભેળવવાની ભલામણ (હા/ના) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | મિથોમાઈલ ૪૦ એસ પી | ૦.૦૪૦ | ૧૦.૦૦ | હા | ૦.૦૮૦ | ૨૦.૦૦ | હા | ૦.૧૨ | ૩૦.૦૦ | હા |
| ૨ | લેમ્બ્ડા સાયહેલોથ્રીન ૫ ઈસી | ૦.૦૦૧૨૫ | ૨.૫૦ | હા | ૦.૦૦૨૫ | ૫.૦૦ | હા | ૦.૦૦૩૭૫ | ૭.૫૦ | હા |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | થાયોડીકાર્બ ૭૫ ડબ્લ્યુપી | ૦.૦૭૫ | ૧૦.૦૦ | હા | ૦.૧૫ | ૨૦.૦૦ | હા | ૦.૨૨૫ | ૩૦.૦૦ | હા |
| ૪ | ક્લોરપાયરીફોસ ૨૦ ઇસી | ૦.૦૨૦ | ૧૦.૦૦ | હા | ૦.૦૪૦ | ૨૦.૦૦ | હા | ૦.૦૬૦ | ૩૦.૦૦ | ના |
| ૫ | પ્રોફેનોફોસ ૫૦ ઇસી | ૦.૦૩૭ | ૩.૫૦ | ના | ૦.૦૭૫ | ૧૫.૦૦ | ના | ૦.૧૧૨ | ૨૨.૫૦ | ના |
| ૬ | ક્વીનાલફોસ ૨૫ ઇસી | ૦.૦૨૫ | ૧૦.૦૦ | હા | ૦.૦૫૦ | ૨૦.૦૦ | ના | ૦.૦૭૫ | ૩૦.૦૦ | ના |
| ૭ | સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ સી | ૦.૦૧૧ | ૫.૦૦ | હા | ૦.૦૨૩ | ૧૦.૦૦ | હા | ૦.૦૩૩ | ૧૫.૦૦ | હા |
| ૮ | આલ્ફેન્થ્રીન ૧૦ ઇસી | ૦.૦૦૨૫ | ૨.૫૦ | હા | ૦.૦૦૫ | ૫.૦૦ | હા | ૦.૦૦૭૫ | ૭.૫૦ | હા |
| ૯ | ડાયફ્લુબેન્ઝુરોન ૨૫ ડબ્લ્યુપી | ૦.૦૧૨ | ૫.૦૦ | હા | ૦.૦૨૫ | ૧૦.૦૦ | હા | ૦.૦૩૭ | ૧૫.૦૦ | ના |
| ૧૦ | નોવાલ્યુરોન ૧૦ ઇસી | ૦.૦૦૫ | ૫.૦૦ | હા | ૦.૦૧૦ | ૧૦.૦૦ | હા | ૦.૦૧૫ | ૧૫.૦૦ | હા |
| ૧૧ | ફીપ્રોનીલ ૫ એસસી | ૦.૦૦૫ | ૧૦.૦૦ | હા | ૦.૦૧૦ | ૨૦.૦૦ | હા | ૦.૦૧૫ | ૩૦.૦૦ | હા |
| ૧૨ | ઇન્ડોક્ઝાકાર્બ ૧૪.૫ ઇસી | ૦.૦૦૩૬ | ૨.૫૦ | હા | ૦.૦૦૭ | ૫.૦૦ | હા | ૦.૦૧૦૮ | ૭.૫૦ | હા |
| ૧૩ | ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ સી | ૦.૦૦૩ | ૧.૫૦ | હા | ૦.૦૦૬ | ૩.૦૦ | હા | ૦.૦૦૯ | ૪.૫૦ | હા |
| ૧૪ | સ્પીનોસાડ ૪૫ એસ સી | ૦.૦૦૭ | ૧.૫૦ | હા | ૦.૦૧૪ | ૩.૦૦ | હા | ૦.૦૨૧ | ૪.૫૦ | હા |
| ૧૫ | ઇમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસ એલ | ૦.૦૦૨૬ | ૧.૫૦ | હા | ૦.૦૦૫ | ૩.૦૦ | હા | ૦.૦૦૮ | ૪.૫૦ | હા |
| ૧૬ | એસીટામીપ્રીડ ૨૦ એસ પી | ૦.૦૦૩ | ૧.૫૦ | હા | ૦.૦૦૬ | ૩.૦૦ | હા | ૦.૦૦૯ | ૪.૫૦ | ના |
| ૧૭ | થાયોમેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી | ૦.૦૦૫ | ૨.૦૦ | હા | ૦.૦૧૦ | ૪.૦૦ | હા | ૦.૦૧૫ | ૬.૦૦ | હા |
| ૧૮ | ક્લોરફેનપાયર ૧૦ ઇસી | ૦.૦૦૭૫ | ૭.૫૦ | હા | ૦.૦૧૫ | ૧૫.૦૦ | હા | ૦.૦૨૨૫ | ૨૨.૫૦ | ના |
| ૧૯ | ડાયફેન્થ્યુરોન ૫૦ ડબ્લ્યુપી | ૦.૦૨૫ | ૫.૦૦ | હા | ૦.૦૫૦ | ૧૦.૦૦ | હા | ૦.૦૭૫ | ૧૫.૦૦ | હા |
| ૨૦ | ફ્લુબેન્ડીયામાઇડ ૪૮૦ એસસી | ૦.૦૭૨ | ૧.૫૦ | હા | ૦.૧૪૪ | ૩.૦૦ | હા | ૦.૨૧૬ | ૪.૫૦ | હા |
| ૨૧ | કારટેપ હાઇડ્રોક્લોરાઇડ ૫૦ એસપી | ૦.૦૨૫ | ૫.૦૦ | હા | ૦.૦૫૦ | ૧૦.૦૦ | હા | ૦.૦૭૫ | ૧૫.૦૦ | ના |
| ૨૨ | એમામેક્ટીન બેન્ઝોએટ ૫ એસજી | ૦.૦૦૧૨૫ | ૨.૫૦ | હા | ૦.૦૦૨૫ | ૫.૦૦ | હા | ૦.૦૦૩૭૫ | ૭.૫૦ | હા |
| ૨૩ | કાર્બોસલ્ફાન ૨૫ ઇસી | ૦.૦૨૫ | ૧૦.૦૦ | હા | ૦.૦૫૦ | ૨૦.૦૦ | હા | ૦.૦૭૫ | ૩૦.૦૦ | હા |
| ૨૪ | બુપ્રોફેઝીન ૨૫ ઇસી | ૦.૦૨૫ | ૧૦.૦૦ | હા | ૦.૦૫૦ | ૨૦.૦૦ | હા | ૦.૦૭૫ | ૩૦.૦૦ | ના |
| ૨૫ | પોલીટ્રીન સી ૪૪ ઇસી | ૦.૦૨૨ | ૫.૦૦ | હા | ૦.૦૪૪ | ૧૦.૦૦ | હા | ૦.૦૬૬ | ૧૫.૦૦ | હા |
| ૨૬ | ડીનોટેફ્યુરાન ૨૦ એસજી | ૦.૦૦૫ | ૨.૫૦ | હા | ૦.૦૧૦ | ૫.૦૦ | હા | ૦.૦૧૫૨ | ૭.૫૦ | હા |
| ૨૭ | ફ્લોનીકામાઇડ ૫૦ એસ જી | ૦.૦૦૭૫ | ૧.૫૦ | હા | ૦.૦૧૫ | ૩.૦૦ | હા | ૦.૦૨૨૫ | ૪.૫૦ | ના |
| ૨૮ | એસીફેટ ૭૫ એસ પી | ૦.૦૩૭ | ૫.૦૦ | હા | ૦.૦૭૫ | ૧૦.૦૦ | હા | ૦.૧૧૨ | ૧૫.૦૦ | ના |
| ૨૯ | ડાયમિથોએટ ૩૦ ઇસી | ૦.૦૧૫ | ૫.૦૦ | હા | ૦.૦૩૦ | ૧૦.૦૦ | હા | ૦.૦૪૫ | ૧૫.૦૦ | હા |
| ૩૦ | એઝાડીરેક્ટીન ૦.૧૫ ઇસી | ૦.૦૦૦૩ | ૨૫.૦૦ | હા | ૦.૦૦૦૭ | ૫૦.૦૦ | હા | ૦.૦૦૧૧ | ૭૫.૦૦ | હા |

(પ્રાધ્યાપક અને વડા, કિટક શાસ્ત્ર વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

## (ખ) સાવજ બ્યુવેરીયાને જુદી જુદી ફૂગનાશકો સાથે મિશ્ર કરી શકાય કે નહિ, તે માટે નીચેના કોઠાને અનુસરવુ.

| ક્રમ | ફુગનાશક દવાનું નામ | ભલામણ કરતા ઓછી માત્રા | | | ભલામણ મુજબની માત્રા | | | ભલામણ કરતા વધુ માત્રા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સાંદ્રતા (%) | પ્રમાણ (મી./ગ્રામ) પ્રતિ ૧૦ લીટર | ખેડૂતોને બ્યુવેરીયા બાસીયાના સાથે ફૂગનાશક દવા ભેળવવાની ભલામણ (હા/ના) | સાંદ્રતા (%) | પ્રમાણ (મી./ગ્રામ) પ્રતિ ૧૦ લીટર | ખેડૂતોને બ્યુવેરીયા બાસીયાના સાથે ફૂગનાશક દવા ભેળવવાની ભલામણ (હા/ના) | સાંદ્રતા (%) | પ્રમાણ (મી./ગ્રામ) પ્રતિ ૧૦ લીટર | ખેડૂતોને બ્યુવેરીયા બાસીયાના સાથે ફૂગનાશક દવા ભેળવવાની ભલામણ (હા/ના) |
| ૧ | સલ્ફર ૮૦ વે.પા. | 0.૧00 | ૧૨.૫0 | હા | 0.૨00 | ૨૫.00 | હા | 0.300 | ૩૭.૫0 | હા |
| ૨ | કોપર ઓક્ઝીક્લોરાઇડ ૫0 વે.પા. | 0.૧00 | ૨0.00 | હા | 0.૨00 | ૪0.00 | હા | 0.300 | ૬0.00 | હા |
| ૩ | ડીનોકેપ ૪૮ ઇસી | 0.0૨૪ | ૫.00 | હા | 0.0૪૮ | ૧0.00 | હા | 0.0૭૨ | ૧૫.00 | હા |
| ૪ | મેટાલેક્ષીલ ૪ + મેન્કોઝેબ ૬૪ વે.પા. | 0.૧0૨ | ૧૫.00 | ના | 0.૨0૪ | 30.00 | ના | 0.30૬ | ૪૫.00 | ના |
| ૫ | ઝાઈનેબ ૭૫ વે.પા. | 0.૧00 | ૧3.30 | ના | 0.૨00 | ૨૬.૬0 | ના | 0.300 | ૪0.00 | ના |
| ૬ | ફોઝેટાઇલ-એ એલ ૮0 વે.પા. | 0.0૮0 | ૧0.00 | હા | 0.૧૬0 | ૨0.00 | હા | 0.૨૪0 | 30.00 | ના |
| ૭ | ક્લોરોથેલોનીલ ૭૫ વે.પા. | 0.૧00 | ૧3.૪0 | હા | 0.૨00 | ૨૬.૭0 | હા | 0.300 | ૪0.૧0 | હા |
| ૮ | મેન્કોઝેબ ૭૫ વે.પા. | 0.0૯3 | ૧3.૪0 | ના | 0.૧૮૭ | ૨૬.૭0 | ના | 0.૨૮0 | ૪0.૧0 | ના |
| ૯ | બેનોમાઇલ ૫0 વે.પા. | 0.0૨૫ | ૫.00 | હા | 0.0૫0 | ૧0.00 | ના | 0.0૭૫ | ૧૫.00 | ના |
| ૧0 | હેક્ઝાકોનાઝોલ ૫ ઇસી | 0.00૨૫ | ૫.00 | ના | 0.00૫ | ૧0.00 | ના | 0.00૭૫ | ૧૫.00 | ના |
| ૧૧ | કાર્બેન્ડાઝીમ ૫0 વે.પા. | 0.0૨૫ | ૫.00 | ના | 0.0૫0 | ૧0.00 | ના | 0.0૭૫ | ૧૫.00 | ના |
| ૧૨ | પ્રોપીકોનાઝોલ ૨૫ ઇસી | 0.0૧3 | ૫.00 | ના | 0.0૨૫ | ૧0.00 | ના | 0.03૮ | ૧૫.00 | ના |
| ૧3 | થાયોફેનેટ મીથાઇલ ૭0 વે.પા. | 0.03૫ | ૫.00 | ના | 0.0૭0 | ૧0.00 | ના | 0.૧0૫ | ૧૫.00 | ના |
| ૧૪ | થાયરમ ૭૫ એસપી | 0.૧00 | ૧3.૪0 | ના | 0.૨00 | ૨૬.૭0 | ના | 0.300 | ૪0.૧0 | ના |
| ૧૫ | કાર્બોક્ષીન ૩૭.૫ + થાયરમ ૩૭.૫ ડી.એસ. | 0.03૮ | ૫.00 | ના | 0.0૭૫ | ૧0.00 | ના | 0.૧૧3 | ૧૫.00 | ના |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬ | મેટાલેક્ષીલ ૮ + મેન્કોઝેબ ૬૪ વે.પા. | 0.0૭૪૮ | ૧0.૪0 | ના | 0.૧૪૯૭ | ૨0.૮0 | ના | 0.૨૨૪૬ | ૩૧.૨0 | ના |
| ૧૭ | ટેબ્યુકોનાઝોલ ૨૫ ઇસી | 0.0૧૩ | ૫.00 | ના | 0.0૨૫ | ૧0.00 | ના | 0.0૩૮ | ૧૫.00 | ના |
| ૧૮ | પ્રોપીનેબ ૭0 વે.પા. | 0.0૭0 | ૧0.00 | ના | 0.૧૪0 | ૨0.00 | ના | 0.૨૧0 | ૩0.00 | ના |
| ૧૯ | ટ્રાઈડીમેફોન ૨૫ વે.પા. | 0.0૧૩ | ૫.00 | ના | 0.0૨૫ | ૧0.00 | ના | 0.0૩૮ | ૧૫.00 | ના |
| ૨0 | મેન્કોઝેબ ૬૩ + કાર્બેન્ડાઝીમ ૧૨ વે.પા. | 0.0૭૫ | ૧0.00 | ના | 0.૧૫ | ૨0.00 | ના | 0.૨૨૫ | ૩0.00 | ના |
| ૨૧ | એઝોક્સીસ્ટ્રોબીન ૨૩ એસસી | 0.0૧૨ | ૫.00 | ના | 0.0૨૩ | ૧0.00 | ના | 0.0૩૫ | ૧૫.00 | ના |

(પ્રાધ્યાપક અને વડા, કિટક શાસ્ત્ર વિભાગ, જૂકૃયુ, જૂનાગઢ)

# સફળ ખેતી માટે આટલું કરો...

૧. મગફળીનું વધુ ઉત્પાદન મેળવવા ઓરવાણ કરીને આગોતરું વાવેતર કરો.

૨. પાકની કટોકટીની અવસ્થાએ અચૂક પિયત આપવું.

૩. જમીન ચકાસણીના આધારે જરૂર પુરતા જ રાસાયણિક ખાતરો વાપરો.

૪. રાસાયણિક ખાતરો સાથે છાણીયા ખાતરનો ઉપયોગ અવશ્ય કરો.

૫. વાતાવરણને ધ્યાનમાં લઇને શિયાળું પાકોને વહેલુ અથવા મોડુ પિયત આપો.

૬. સારી જાતના સર્ટીફાઇડ બિયારણનો વાવેતર માટે ઉપયોગી કરો.

૭. દેશી છાણીયુ ખાતર વધુ મેળવવા બિન ઉપયોગી કચરો બાળી ન દેતાં વ્યવસ્થિત રીતે કમ્પોસ્ટ બનાવો.

૮. સુકી ખેતીવાળા વિસ્તારમાં મિશ્ર પાક-આંતરપાક પધ્ધતિ અપનાવો.

૯. જમીનનું ધોવાણ અટકાવવા ઢાળની વિરૂધ્ધ દિશા માત્ર ખેડ તેમજ પાકનું વાવેતર કરો.

૧૦. બિયારણને વાવેતર પહેલા ફૂગનાશક દવાનો પટ આપો.

૧૧. એકમ વિસ્તાર દીઠ છોડની સંખ્યા જાળવી રાખવા યોગ્ય સમયે ખાલાં પૂરો અથવા પારવણી કરો.

૧૨. પાકની બે હાર વચ્ચે ભલામણ મુજબ વાવેતરનું અંતર અને બિયારણનો દર જાળવો.

૧૩. સમયસર નિંદામણ કરી વધુ ઉત્પાદન મેળવો.

૧૪. પાકનું સફળ ઉત્પાદન મેળવવા માટે જરૂરી પાક સંરક્ષણના પગલાં લેવા.

૧૫. ખેતી ખર્ચ ઘટાડવા માટે જરૂર પૂરતાં જ ખેડ કાર્યો કરવા.



ગુજરાત જૂનાગઢ કપાસ – ૧૦૨ (જી.જે. કોટ–૧૦૨) ઉત્પાદન : ૨૨૧૫ કિ.ગ્રા./ હેક્ટર



ગુજરાત ગોળ રીંગણ –૫ (જી.આર. બી.–૫) ઉત્પાદન : ૩૯૫.૦૪ ક્વિ./ હેક્ટર



ગુજરાત ટમેટા –૬ (જી.ટી.–૬) ઉત્પાદન : ૩૧૬.૦૫ ક્વિ./ હેક્ટર



ગુજરાત ભીંડા –૬ (જી.ઓ.–૬) ઉત્પાદન : ૧૨૫.૭૭ ક્વિ./ હેક્ટર


કપાસના રોગોનું નિયંત્રણ


ઘઉંમાં ઝીંક ની અસર


ચોમાસુ ભીંડામાં નિંદણ નિયંત્રણ


શેરડીમાં મલ્ચીંગ અને ખાતર વ્યવસ્થાપન


ચણાના પાકમાં પિયત પદ્ધતિ


રાઈના પાકમાં પાન વાળનાર ઈયળનું નિયંત્રણ


ચોમાસુ બાજરીમાં ડુંડા ઈયળનું નિયંત્રણ


આંતરપાક પદ્ધતિ


ટમેટામાં સફેદ નેટ હાઉસનો ઉપયોગ


ચીકુમાં છાણીયા ખાતરની માવજત


કપાસમાં ભેજ સંગ્રહ માટે ધોરીયાનો ઉપયોગ


ટ્રેક્ટર સંચાલિત દાંતી સાથેનો
સ્પાઈકડ રોલરનો ઉપયોગ


ટમેટા પાકમાં કલર મલ્ચીંગનો ઉપયોગ


વોટર હાર્વેસ્ટીંગ રીચાર્જ ટેકનીક


જીંગાનો જીવંત દર અને વિકાસ માટે
બિયારણનો સંગ્રહ દર